## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તમારા દિકરાને નોકરીનાં ચાન્સ ઊભા થયા છે... આમ પણ એ રીંછ જેવો ફરે જ છે ને...?!

# ગાંધીનગરમાં ચિત્રલેખા નાટ્ય સ્પર્ધાના વિજેતા નાટકોના નાટ્યોત્સવનો શાનદાર શુભારંભ

### નાટ્ય લેખક પ્રવિણ સોલંકી, મધુ રાય, લલિત શાહ, ભાગ્યેશ જહાની ઉપસ્થિતિમાં 'કુમારની આગાશી'નું મંચન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ચિત્રલેખા નાટ્ય સ્પર્ધા-૨૦૨૦ના વિજેતા નાટકોનો નાટ્યોત્સવ યોજાઈ રહ્યો છે. બુધવારે સાંજે પ્રથમ નાટક 'કુમારની આગાશી'ના મંચનથી નાટ્યોત્સવનો શાનદાર શુભારંભ થયો હતો. ગાંધીનગરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ, જાણીતા જાણિતા લેખક મધુ રાય, કવિ-સર્જક ભાગ્યેશભાઈ જહા અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સચિવ જ્યોતિષભાઈ ભટ્ટે દીપ પ્રગટાવીને નાટ્યોત્સવનો શુભારંભ કરાવ્યો હતો.

ચિત્રલેખા નાટ્ય સ્પર્ધા છેલ્લા ૧૪ વર્ષથી યોજાઈ રહી છે. ત્રિ-અંકી ફૂલલેન્થ નાટકોની આ એકમાત્ર સ્પર્ધાઓ નાટ્ય રસિકોમાં આગવું આકર્ષણ ઉભું કર્યું છે. તાજેતરમાં મુંબઈમાં સંપન્ન થયેલી આ સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતા નાટકો ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગાંધીનગરમાં ભજવાઈ રહ્યા છે. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી યોજાઈ રહેલા નાટ્યોત્સવના શુભારંભે ગુજરાતી નાટકોના જાણીતા લેખક પ્રવિણભાઈ સોલંકીએ ચિત્રલેખા નાટ્ય સ્પર્ધાની સમગ્ર પ્રક્રિયા જણાવતાં કહ્યું હતું કે ચિત્રલેખા નાટ્ય સ્પર્ધાઓ ગુજરાતી રંગભૂમિને ઘણા સિદ્ધહસ્ત અભિનેતા-દિગ્દર્શકો અને કસબીઓ આપ્યા છે. પ્રેક્ષકોને માણવા પણ ગમે એવા આ નાટકો વ્યવસાયિક અને પ્રયોગશીલ રંગભૂમિના અદ્ભૂત સંમિશ્રણ જેવાં છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહાએ જણાવ્યું હતું કે ગાંધીનગરના પ્રેક્ષકો પ્રયોગશીલ નાટકોને પણ મન ભરીને માણી રહ્યા છે. ફોરમના રજતજયંતી વર્ષની આછેરી ઝલક આપતાં તેમણે કહ્યું કે પ્રસન્નતાના આ પચ્ચીસમાં વર્ષ દરમિયાન પ્રસન્નતા એ પાટનગરનો સ્થાયીભાવ બને એવા પ્રયત્નો કરાયાં છે. ફોરમ દ્વારા સૌપ્રથમ વખત યોજાયેલા આ પ્રકારના નાટ્યોત્સવ માટે રાજીપો વ્યક્ત કરીને પ્રેક્ષકોને આવકાર્યા હતા.

સેક્ટર-૨૮ના રંગમંચ પર યોજાઈ રહેલા આ ત્રિ-દિવસીય નાટ્યોત્સવના બીજા દિવસે 'શુભ મંગલ સવાધન' નાટક યોજાયું હતું. તા. ૭મી ફેબ્રુઆરીને શુક્રવારે સાંજે ૭.૩૦ કલાકે નાટક 'અહમનું એન્કાઉન્ટર' ભજવાશે.

નાટ્યોત્સવના પ્રારંભે ગાંધીનગર કલ્ચરલ ફોરમના ઉપપ્રમુખ અને ગાંધીનગરના જાણીતા નાટ્યકાર પ્રકાશ લાલા, ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ ગજ્જર અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.



નાટ્યલેખક પ્રવિણ સોલંકી, ભવન્સ કલ્ચરલ સેન્ટર, અંધેરીના વ્યવસ્થાપક લલિતભાઈ શાહ, કો-ઓર્ડિનેટર રમાકાન્તભાઈ ભગત,

## ખૂણેખાંચરેથી

- ઈન્ડિયન રેડક્રોષ સોસાયટીની ગુજરાત શાખાની વાર્ષિક બેઠક સવારે ૧૧ વાગે રાજભવનના બ્વેનકેટ હોલમાં રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષપદે મળશે. આ બેઠકમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી નીતિન પટેલ પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે.
- જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશનની બેઠક મળી હતી. જેમાં ખનીજક્ષેત્રમાંથી થયેલી આવકના આયોજન અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના વર્ગ-૪ના ૪ જેટલા કર્મચારીઓની બદલીના આજે હુકમો કરાયા હતા.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા પણ આજે નાયબ મામલતદાર સંવર્ગના ૬ જેટલા કર્મચારીઓની બદલીના હુકમો કરવામાં આવ્યા છે.
- નિવૃત્ત સનદી અધિકારી વિનય દેસાઈના પિતા નવનીતભાઈ દેસાઈનું ૯૨ વર્ષની જૈફ વયે આજે દુઃખદ અવસાન થયુ છે.
- ઈઝ ઓફ લીવીંગના સર્વે અંગે આજે વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા સેટકોમના માધ્યમથી વિશેષ તાલિમનું આયોજન કરવામાં આવ્યુ છે.

## વાત-વાતમાં.....

- આલમપુર ગામે શક્તિ વિદ્યાલય ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં આંખની તપાસમાં ૧૨૭, મોતિયાના ૫ અને ડાયાબીટીશના ૯૦ દર્દીઓ સહિત ૯૫ ગ્રામજનોનું મેડીકલ ચેકઅપ કરાયુ હતુ અને દવાઓ આપવામાં આવી હતી તેમજ ૩૫ ચશ્માનું વિતરણ કરાયું હતું.
- સિવિલ હોસ્પિટલના ત્રણ દરવાજા છે પરંતુ ત્રણેય દરવાજે રોડ પર ખાડા ટેકરાની સમસ્યા છે. આ પ્રવેશદ્વારેથી જો એમ્બ્યુલન્સમાં જો પ્રસુતા છેલ્લી ઘડીએ લઈને આવવામાં આવી રહી હોય તો પ્રવેશ દ્વારે જ પ્રસુતિ થઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ રહી છે.
- આ પ્રકારની વધુ એક સ્થિતિ સેક્ટર-૨૬ નજીકના રેલવે ફાટકે પણ જોવા મળી રહી છે. આ રેલવે ફાટકેથી પસાર થતા વાહનચાલકો ખાસ કરીને ફોર વ્હિલર્સ ચાલકો ખાડામાં તેમનું વાહન પછડાવાના કારણે ભારે પરેશાની ભોગવી રહ્યાં છે.

## ગાંધીનગરના મેરેથોન રનરને દોડવાથી શાંતિ મળે છે

ગાંધીનગરના જાણીતા બિલ્ડર સમાજ સેવી અને રમતવીર જગતભાઈ કારાણીએ તાજેતરમાં જ દુબઈ ખાતે યોજાયેલી સ્ટાન્ડર્ડ ચાટર્ડ મેરેથોન રન સમય મર્યાદાની અંદર પુરી કરીને ફિનિશિંગ મેડલ મેળવેલ છે. ગુજરાતના પનોતા પુત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચીટ ઈન્ડિયાના વિચારો સાથે છેલ્લા સાડા ત્રણ વર્ષમાં ૭૧ હાફ મેરેથોન અને ૨ ફુલ મેરેથોન દોડ પૂર્ણ કરી છે. ૨૬/૧૧ મુંબઈમાં હોટલ તાજમાં થયેલા હુમલામાં નોવીના માર્કોસ કમાન્ડો પ્રવીણકુમાર તિવેટીયા સૌ પ્રથમ તાજ હોટલમાં અંદર ઘુસ્યા હતા. આ હુમલામાં ત્રણ ગોળીઓ વાગી હતી તેમને રાષ્ટ્રપતિનો ચંદ્રક પણ મળ્યો હતો. આ માર્કોસ કમાન્ડોને દેશપ્રેમી જગત કારાણીએ તેમની સાથે દુબઈમાં યોજાનારી હાફ મેરેથોનમાં સ્પોન્સર કરવાનું નક્કી કર્યુ હતું અને તેમની સાથે કમાન્ડો પ્રવીણકુમારને મેરેથોન દોડવા માટે લઈ ગયા હતા.




## સેક્ટર-૧૨ ઉમિયા માતાજી મંદિર ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની ઝોન કક્ષાની બેઠક મળી

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનની ઝોન કક્ષાની એક બેઠક તા. ૨૮-૨-૨૦૨૦ના રોજ ઉમિયા મંદિર શિલાન્યાસ સંદર્ભે સેકટર-૧૨ સ્થિત શ્રી ઉમિયા સંસ્થાન મંદિરે ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગાંધીનગર જિલ્લો, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી ૬૦૦ હોદ્દેદારો-કારોબારી સભ્યો અને ૧૦૮ની ટીમ હાજર રહી હતી.

આ મીટીંગમાં ઝોન કક્ષાના ચેરમેન ઉર્વેશ પટેલ (મજરા) એ જણાવ્યું હતું કે ૫ લાખ દાન આપીને દહેગામ તાલુકો અને સમસ્ત સાબરકાંઠા જિલ્લાએ કુંભ કળશ નોંધાવ્યા અને સાથો સાથ ગાંધીનગર જિલ્લા, તાલુકા સાબરકાંઠા જિલ્લા અને તાલુકાના સંગઠન માળખામાં વિશેષ પ્રમુખ તથા મંત્રીની જવાબદારી સોંપવામાં આવી હતી. આ પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનમાંથી ડી.આર. પટેલ વિક્રમભાઈ પટેલ, ઉર્વેશ પટેલ અને રૂપલબેન પટેલ હાજર રહ્યા હતા.

# કોબા પાસે ભેખડ ધસી, દટાયેલા પાંચ શ્રમિકોનો આબાદ બચાવ

### કે રાહેજા માર્ગ પર તંત્ર દ્વારા ગટરનું કામ ચાલી રહ્યું છે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર કોબા પાસે સરકારી તંત્ર દ્વારા ચાલી રહેલા ગટરના કામકાજ સમયે સવારના સુમારે અચાનક ભેખડ ધસી પડતા પાંચ શ્રમિકો દટાયા હતા. જો કે પાંચેય શ્રમિકોને આબાદ બચાવ થયો હતો. ફાયર બ્રિગેડે કામગીરી હાથ ધરીને પોણો કલાકની મહેનત બાદ પાંચેય ને બચાવી લેવાયા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જેમાં એક શ્રમિકને પગમાં ઈજા પહોંચી હોવાનું ધ્યાને આવ્યું હતું.

ગાંધીનગર શહેરમાં ભેખડો ધસી પડવાનો સીલસીલો યથાવત રહેવા પામ્યો છે. તાજેતરના એક બનાવમાં ભેખડ ધસવાને પગલે ચાર નિર્દોષ નાગરીકોએ જીવ ગુમાવ્યો હતો. ત્યારે આજે સવારના સુમારે કોબા પાસે આવેલા કે રાહેજા માર્ગ પર સરકારી તંત્ર દ્વારા



છેલ્લા ત્રણ માસથી કામ ચાલી રહ્યું છે. ૧૨ ફુટ જેટલી ઉંડીગટરની પાઈપ લાઈન નાંખવાના ચાલી રહેલા કામ દરમિયાન અચાનક ભેખડ ધસી પડી હતી. જેને પગલે એક નીચે કામ કરી રહેલ શ્રમિક પૂનમભાઈ દીતા મેડા (ઉં.વ.૩૨)માટી નીચે દબાઈ ગયો હતો. દટાઈ ગયેલાને બચાવવા માટે રાજુ કનુજી મેડા ઉં.વ.૨૬, બહાદુર મનુજી બારૈયા ઉં.વ.૨૪, ભરત કપુરજી રાણા ઉં.વ.૨૦ નીચે ગયા હતા. તે સમયે તેમના પર પણ ભેખડ ધસી પડતા પાંચ વ્યકિતઓ દટાઈ ગયા હતા. સ્થળ પર હાજર સ્થાનિક વ્યકિતઓએ તાત્કાલીક ફાયરને કોલ કરતા ફાયરના જવાનો સ્થળ પર પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી શરુ કરી હતી. ચાર શ્રમિકોને ગણતરીની મિનીટોમાં ફાયરની ટીમે બહાર નીકાળ્યા હતા. જયારે એક શ્રમિકને બચાવવા માટે ફાયરની ટીમે અને સ્થાનિક નાગરીકોને પોણો કલાક જેટલો સમય થયો હતો. જયારે તેને બહાર નીકાળતી સમયે પગે ઈજા પહોંચી હતી. જો કે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી. પરંતુ તમામને બહાર આવ્યા બાદ સારવાર માટે ગાંધીનગર સિવિલ સારવાર માટે ૧૦૮ માં ખસેડાયા હતા. જો કે આ બનાવમાં પાંચેય શ્રમિકોનો આબાદ બચાવ થયો હતો.

## અરવિંદ કેન્દ્ર દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૬

અરવિંદ કેન્દ્ર ગાંધીનગર દ્વારા માતાજીના ભારત ખાતે કાયમી આગમનના શતાબ્દી વર્ષ નિમિતે તા. ૯ ફેબ્રુઆરીના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમ સાંજે ૫.૩૦ થી ૮.૩૦ વાગ્યા દરમિયાન સે-૧૨ સ્થિત આંબેડકર કોમ્યુનિટી હોલ ખાતે યોજાશે. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, લોકગીતો, ભાવગીતો રજુ કરાશે.

# સરકારી વિનયન કોલેજ ખાતે "વિચાર વાટિકા" ઉદ્યાનનું નિર્માણ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના સેક્ટર-૧૫ની સરકારી વિનયન કોલેજ ખાતે વિદ્યાર્થીઓને પ્રકૃતિ પ્રત્યે સજાગતા વધે તે હેતુથી "વિચાર-વાટિકા" ઉદ્યાનનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજે આ ઉદ્યાનને વૃક્ષારોપણ કાર્યક્રમ સાથે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

"વિચારવાટિકા" ઉદ્યાનના ઉદ્ઘાટન પ્રસંગે અતિથિ વિશેષ ડૉ. જીજ્ઞેશ હરખાણી ઉપરાંત કોલેજના પૂર્વ વિદ્યાર્થીઓ જેઓ સમાજમાં વિવિધ ક્ષેત્રે અગ્રણી સ્થાન ધરાવે છે તેઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જેમાં શૈલેન્દ્રસિંહ બિહોલા, પ્રો. ડૉ. પ્રણવ જોશીપુરા, પ્રદિપસિંહ વાઘેલા વગેરેનો સમાવેશ થાય છે. અંદાજે ૪૦ જેટલા પૂર્વ વિદ્યાર્થીઓ સાથે ૧૨ જેટલા વાલીઓ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે કોલેજના આચાર્ય. ડૉ. આર.બી. કોઠારીએ અતિથિઓને આવકાર્યા હતા જ્યારે પ્રો. ડૉ. વી.એ. જાડેજાએ સમગ્ર પ્રકલ્પ અંગે માહિતગાર કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રો. ડૉ. નિયતિબેન મિસ્ત્રીએ કર્યુ હતુ. ઉલ્લેખનીય છે કે 'વિચારવાટિકા' ઉદ્યાન પ્રકલ્પને વન વિભાગ, મહાનગરપાલિકા, માર્ગ અને મકાન વિભાગ, સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ સાથે વિદ્યાર્થીઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો.



## ગુજરાત એસ.ટી.ને ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દીર્ઘદષ્ટિપૂર્ણ નેતૃત્વમાં ગુડ ગર્વનન્સ ક્ષેત્રે ગુજરાતની ગૌરવ ગાથામાં વધુ એક સિદ્ધિ ગુજરાત એસ.ટી.ને મળેલા ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ ૨૦૧૮-૧૯થી ઉમેરાઈ છે.

આ એવોર્ડ અંતર્ગત વિજેતા ટ્રોફી તેમજ રૂ. બે લાખનો પુરસ્કાર કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીના હસ્તે નવી દિલ્હીમાં એસ.ટી. નિગમને એનાયત કરવામાં આવ્યા હતા.

ભારત સરકારના મિનીસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝના એસોસિયેશન ઓફ સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ અન્ડર ટેકીંગ દ્વારા ઈન્ટરનેશનલ કોન્ફરન્સ એન્ડ એક્ઝીબિશન ઓન પબ્લીક ટ્રાન્સપોર્ટ ઈનોવેશનમાં ગુજરાત એસ.ટી. કોર્પોરેશનને આ ગૌરવ સિદ્ધિથી સન્માનિત કરવામાં આવ્યું છે.

આ ત્રીજી કોન્ફરન્સનું આયોજન ગત તા. ૩૦-૩૧ જાન્યુઆરી દરમિયાન નવી દિલ્હી ખાતે કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ રાજ્યમાં નાગરિકલક્ષી સેવાઓ અને સરકારના વિવિધ વિભાગોની કામગીરીના સીધા મોનીટરીંગ માટે વિકસાવેલા સી.એમ. ડેશબોર્ડ દ્વારા એસ.ટી. સેવાઓનું સતત મોનીટરીંગ થાય છે. તદ્નુસાર ઓવર સ્પીડીંગ વાળી બસ સેવાઓની પ્રત્યક્ષ જાણકારી સી.એમ. ડેશબોર્ડને મળતાં જ તેના પર નિયંત્રણ લાવી શકાય છે.

# સુઘડ જમીન મુદ્દે ૨૫ વ્યકિતઓ સામે છેતરપિંડી-વિશ્વાસઘાતની ફરીયાદ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલી જમીનના ભાવો આસમાનને આંબતા જમીનના વિવાદો વધી રહ્યા છે. ત્યારે સુઘડ ગામની એક જ જમીનના બે વેચાણ દસ્તાવેજ મુદ્દે બકેરી ગ્રુપના અનિલ બકેરી સહિત કુલ ૨૫ વ્યકિતઓ સામે વિશ્વાસઘાત, છેંતરપિંડીની ફરીયાદ નોંધાઈ છે. ફરીયાદીએ જે તે સમયે ખરીદેલી જમીન ખેડુતોએ બીજીવાર અનિલ બકેરીને વેચાણ કરી હતી. જેને પગલે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં રહેતી માનસી વિકાસભાઈ શાહ નામની યુવતિએ ફરીયાદ નોંધાવી છે કે નવેમ્બર-૨૦૧૯માં તેના પિતાનું અવસાન થયું છે. તેના પિતાએ વર્ષ૨૦૦૪ માં સુઘડ ખાતે ૧૨૯૫૦ ચોરસમીટર જમીન મુળ માલિકો ડુંગરજી ફતાજી સહિત ૨૦ વ્યકિતઓ પાસેથી રૂ.૬,૪૭,૫૦૦ ચુકવીને લીધી હતી. જેનો વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રારની હાજરીમાં થયો હતો. પરંતુ દસ્તાવેજ ડેપ્યુટી કલેકટર કચેરીમાં સ્ટેમ્પ ડ્યુટીમાં ફેરફારને પગલે પેન્ડીંગ હતો. વર્ષ ૨૦૦૫માં જ્યારે ઈન્કમટેક્ષની રેઈડ પડી ત્યારે તેમના કેટલાક ઓરીજીનલ દસ્તાવેજો સીઝ કરાયા હતા. આ દરમિયાન જાણવા મળ્યું હતું કે વર્ષ ૨૦૦૯ માં મુળ માલિકોની પાવર ઓફ એટર્ની થી બીજો દસ્તાવેજ બનાવી લેવાયો છે. જેથી આ મુદ્દે તેમણે જિલ્લા તકેદારી સમિતિમાં રજુઆત કરતા હવે ફરીયાદ નોંધાઈ હતી. તેમની પુત્રીએ પિતાના અવસાનને કારણે આ મુદ્દે અનિલ રતિલાલ બકેરી, હંસાબેન અનિલ બકેરી, અને અન્ય ખેડુત ખાતેદાર મળીને ૨૫ વ્યકિતઓ સામે વિશ્વાસઘાત તેમજ છેંતરપિંડીની ફરીયાદ નોંધાવી છે.



કોબા ગામ ખાતે હિમાચલ પ્રદેશના મંત્રી તથા ગ્રામ વિકાસ અધિકારીએ કોબા ગામના પંચાયત ઘરની મુલાકાત લીધી હતી. તેમણે અહીં ગ્રામ વિકાસ તથા ગુજરાત સરકારની યોજના અંતર્ગત ચર્ચા કરી હતી.

કલમ-૧૯ની પેટા કલમ (૧) હેઠળની જાહેરાત

## જાહેરનામું

ગુજરાત સરકાર

**નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર

**જિલ્લો : મહેસાણા તાલુકો : કડી ગામ : કોરડા વ.કે.નં. ૯/૨૦૧૮**

**ક્રમાંક : અકન/ક.૧૯(૧) આ.જાહેરનામું/કોરડા/૯/૧૮/એસ.આર.નં.૧૫૨**

**તારીખ : ૧૬/૧/૨૦૨૦**

૧. જમીન સંપાદન, પુનઃસ્થાપન અને પુર્નવસવાટમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૯ની પેટા કલમ (૧) હેઠળ મળેલ સત્તા અન્વયે (જેનો હવે પછી ઉલ્લેખ સદરહું કાયદો તરીકે કરેલ છે) ગુજરાત સરકારશ્રી અત્રેથી હિત ધરાવતી તમામ વ્યક્તિ કે વ્યક્તિઓને જાહેર કરેલ છે કે, નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારી નર્મદા યોજના મહેસાણાએ સદરહુ કાયદાની કલમ-૧૫ના પેટા કલમ (૨) હેઠળ સરકારશ્રીને રજૂ કરેલા અહેવાલથી સંતોષ થયેલ છે અને નીચે મુજબ પરિશિષ્ટ-કમાં દર્શાવેલ વિગતો ધરાવતી જમીન કોરડા ટેઈલ બ્રાન્ચ માઈનોર નહેરના બાંધકામના જાહેર હેતુ માટે સંપાદન કરવાનો નિર્ણય કરેલ છે.

૨. સદરહુ કાયદાની કલમ-૧૯(૧) હેઠળની જાહેરાત આ જાહેરનામાની બહાર પાડેલ છે. તે આ જમીનમાં હિત ધારવતી તમામ વ્યક્તિઓને લાગુ પડે છે.

૩. સંપાદન કરવાની થતી જમીનના નકશા અને પ્લાન જાહેર જનતાના નિરિક્ષણ સારૂ નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારી નર્મદા યોજના, બ્લોક નં.૧, બીજો માળ, બહુમાળી મકાન, મહેસાણાની કચેરીએ કામકાના કોઈપણ દિવસે કચેરી સમયમાં ઉપલબ્ધ થશે.

૪. સરકારશ્રીના નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્સપર વિભાગના જાહેરનામા ક્રમાંક : જ.સં./૨૦૧૯/મહેસાણા/૭૬/૫૯/મ તારીખ : ૩/૭/૨૦૧૯થી સંપાદન કરવાની ઉક્ત જમીનને સામાજિક અસર મુલ્યાંકનમાંથી મુક્તિ અપાયેલ છે.

### પરિશિષ્ટ-૬

તારીખ : ૧૬/૧/૨૦૨૦

મોજે : કોરડા, તાલુકો : કડી, જિલ્લો : મહરેસાણા, કેસ નં. ૯/૨૦૧૮

| ગામ, તાલુકો જિલ્લાનું નામ | જમીન કબજેદારનું નામ | ગામ નમુનો નં.૮ (અ) | સર્વે નંબર બ્લોક નંબર | વિસ્તાર (હે.આરે. ચો.મી.) | સંપાદિત કરેલ જમીન વિસ્તાર (હે.આરે. ચો.મી.) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| કોરડા તા. કડી, જિ. મહેસાણા | પટેલ નાગરભાઈ ભુદરભાઈ જીવરાજભાઈ | ૨૯૬ | ૧૧૨૬ | ૦૦.૯૩.૮૬ | ૦૦.૦૮.૧૬ |
| | | | કુલ | | ૦૦.૦૮.૧૬ |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**(કે. એસ. યાજ્ઞિક)**
**અધિક કલેક્ટર (નર્મદા)**
**અમદાવાદ**

**ક્રમાંકઃનામાનિ/મહે/૪૨૩/૧૯-૨૦**